સેવન્થ ડે એડવેન્ટીસ્ટ હાયર સેકન્ડરી સ્કુલ, મણીનગર, અમદાવાદનો વહીવટ રાજ્ય સરકાર હસ્તક લેવા અને જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ શહેરને વહીવટદાર તરીકે નિમવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : **ED/MIS/e-file/3/2025/5334/CHH**
સચિવાલય, ગાંધીનગર.
તા: ***e-sign*** મુજબ

<u>વંચાણે લીધા</u> :

(૧) જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદનો તા.૧૮/૧૦/૨૦૨૫ના પત્ર ક્રમાંક : જિશિઅ/માધ્ય/૨૦૨૫-૨૬/૩૫૬૭ થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને રજૂ કરેલ અહેવાલ.

(૨) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની તા.૦૬/૧૧/૨૦૨૫ના પત્ર ક્રમાંક : **DPE/KH2/e-file/105/2025/4509/KH-2/5170**થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને રજૂ કરેલ દરખાસ્ત.

(3) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે તા.૧૩/૧૧/૨૦૨૫ની નોંધથી સરકારશ્રીને રજૂ કરેલ સીંગલ ફાઇલ.

(૪) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨.

(૫) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪.

(૬) ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭.

(૭) બોમ્બે પ્રાયમરી એજ્યુકેશન રૂલ્સ-૧૯૪૯.

(૮) ગુજરાત આર.ટી.ઈ. એક્ટ -૨૦૦૯.

(૯) ગુજરાત આર.ટી.ઈ. રૂલ્સ -૨૦૧૨.

<u>પ્રસ્તાવના:</u>

સેવન્થ ડે એડવેન્ટીસ્ટ હાયર સેકન્ડરી સ્કુલ, મણીનગર, અમદાવાદ એ **ICSE** બોર્ડ સંલગ્ન ધોરણ ૧ થી ૧૨ અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ માન્ય ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની કાર્યરત શાળા છે. આ શાળામાં ધોરણ-૮ના વિદ્યાર્થી દ્વારા ધોરણ-૧૦માં ભણી રહેલ વિદ્યાર્થી પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરવાથી વિદ્યાર્થીનું મૃત્યુ થવાની ઘટના બનવા પામેલ. જે સંદર્ભે શાળા સામે કાર્યવાહી કરવા અલગ-અલગ રજૂઆતો મળેલી હતી જેના અનુસંધાને સેવન્થ ડે એડવેન્ટીસ્ટ હાયર સેકન્ડરી સ્કુલ, મણીનગર, અમદાવાદની કામગીરી, મંજૂરી, માન્યતા વગેરે બાબતે અહેવાલ રજૂ કરવા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તથા નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદને તપાસ હાથ ધરી અહેવાલ રજૂ કરવા જણાવવામાં આવેલ, જે અન્વયે જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ કરવામાં આવેલ તેમજ **RTE Act-2009, Gujarat RTE Rules-2012, School Safety Policy** તથા **ICSE Affiliation Rules**ની જોગવાઇઓને આધિન **Gujarat RTE Rules-2012**ના નિયમ ૧૪ ની જોગવાઇઓ અન્વયે રચવામાં આવેલ તપાસ સમિતિ દ્વારા તપાસ કરવામાં આવેલી, જેના આધારે જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ દ્વારા રજૂ કરવામાં આવેલ વંચાણે લીધા : (૧) પરના તા.૧૮/૧૦/૨૦૨૫ ના પત્રથી રજૂ કરેલ અહેવાલમાં નીચે મુજબની ક્ષતિઓ શાળા પક્ષે થયેલ હોવાનું જણાવેલ છે.

1. શાળામાં વધારાના વર્ગો શરૂ કરવા માટે સંબંધિત બોર્ડની પૂર્વ મંજૂરી મેળવવી જોઈએ પરંતુ શાળાએ મેળવેલ વર્ગ

વધારાના કોઈ આધારો રજૂ કરેલ નથી.

2. શાળાનું સંચાલન કયા ટ્રસ્ટ /સોસાયટી થી કાર્યરત છે, તે અસ્પષ્ટ છે.
3. શાળાના રજૂ કરાયેલ આધારોમાં અલગ અલગ ટ્રસ્ટ/સોસાયટીનો ઉલ્લેખ થયેલ જોવા મળે છે. CISCE નિયમોના પ્રકરણ 1, નિયમ ૨(a) મુજબ શાળાનું સંચાલન એક જ રજિસ્ટર્ડ સોસાયટી, ટ્રસ્ટ અથવા કંપની દ્વારા થવું જોઈએ જે નફાના હેતુથી ચાલતી ન હોય આ બાબતે સ્પષ્ટતા રજૂ કરવામાં આવેલ નથી.
4. શાળાના વહીવટ, ટ્રસ્ટ કે શાળાના પરિસરમાં કોઈપણ ફેરફાર કરવા માટે સંબંધિત બોર્ડની પૂર્વ મંજૂરી લેવી અનિવાર્ય છે. આ પ્રકારના કોઈપણ ફેરફાર માટે મેળવેલ મંજૂરીના દસ્તાવેજો રજૂ કરેલ નથી.
5. શાળા દ્વારા પ્રાથમિક વિભાગ માટે લઘુમતીનો દરજ્જો મેળવવાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી.
6. શાળાના પરિસરમાં પુસ્તકોનું વેચાણ કરવું એ નફાખોરી (Profiteering) સમાન છે. ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૨(r)હેઠળ 'નફાખોરી' પર પ્રતિબંધ છે. કોઈ પણ બોર્ડ સાથે જોડાણ અંગેના પેટા-નિયમો પણ શાળાઓને કોઈપણ પ્રકારની વ્યાપારી પ્રવૃત્તિઓથી દૂર રહેવા અને બિન-નફાકારક સંસ્થા તરીકે કામ કરવા નિર્દેશ આપે છે. શાળા દ્વારા રજૂ થયેલ ઓડીટેડ હિસાબમાં પુસ્તકોના વેચાણ અંગે દસ્તાવેજ રજૂ કરવામાં આવેલ છે. જે કાયદાનો સ્પષ્ટ ભંગ થયો હોય તેવું પ્રાથમિક દ્રષ્ટીએ જણાય છે.
7. શાળાને બે પાળીમાં ચલાવતા પૂર્વે સંબંધિત બોર્ડની મંજૂરી લેવી અનિવાર્ય છે. બે પાળીમાં શાળા ચલાવવા માટે અલગ સ્ટાફ, અલગ રેકોર્ડ, અને બોર્ડની મંજૂરી જેવી શરતોનું પાલન કરવું પડે છે. આ અંગેની મંજૂરીના કોઈ દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ નથી, જે એક ક્ષતિ કહી શકાય.
8. હાલ શાળા જે જમીન પર આવેલી છે તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'The India Financial Association of Seventh Day Adventists'ને શૈક્ષણિક હેતુ માટે ૯૯ વર્ષના ભાડાપટ્ટે આપવામાં આવેલ છે. જ્યારે શાળાનું સંચાલન "The Council of Seventh-Day Adventist Educational Institutions / Ashlock Education Trust નામની અલગ સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યું છે. આમ, લીઝધારક અને સંચાલક સંસ્થા અલગ-અલગ હોઈ ભાડાકરારની શરતોનો ભંગ થયો છે તેમ પ્રથમ દ્રષ્ટિ એ જણાય છે.
9. શાળાએ રજૂ કરેલ નકશા મુજબ શાળા કેમ્પસમાં માત્ર બે જ બિલ્ડીંગનો ઉલ્લેખ કરેલ છે અને B બ્લોકના જ વિગતે નકશા રજૂ કરેલ છે, જે વર્ષ ૨૦૧૫માં મંજૂર કરાવેલ છે જ્યારે શાળામાં ALPHA, SHELOM, અને OMEGA એમ ત્રણ બિલ્ડીંગ આવેલ છે.
10. શાળાએ માત્ર B બ્લોકનું જ બી.યુ.પરમીશન સર્ટીફીકેટ રજૂ કરેલ છે જે તા.૨૦/૬/૨૦૦૯ના રોજ મેળવેલ છે. હાલના બાંધકામ મુજબનું બી.યુ.પરમીશન રજૂ કરેલ નથી.
11. શાળા દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડની ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની મંજૂરી મેળવવા કરેલ દરખાસ્તમાં શાળા મંડળે કરેલ એફીડેવીટના મુદ્દા નંબર-૨૨ માં લેખિત બાંહેધરી આપેલ છે કે શાળાના મકાનમાં અન્ય ટ્રસ્ટની માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા કે અન્ય શૈક્ષણિક / બિન શૈક્ષણિક સંસ્થા ચાલતી નથી કે આ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતી નથી. આમ, શાળા દ્વારા તે સમયે ICSE બોર્ડની ધોરણ ૧ થી ૧૨ ની શાળા કાર્યરત હતી જે હકીકત છુપાવેલ છે તેમ કહી શકાય.
12. શાળા કેમ્પસમાં MBA અને બેચલર ઓફ સાયન્સ અને આટ્ર્સની કોલેજ કાર્યરત છે. જે સબબ ICSE બોર્ડનું તા.૨૫/૦૫/૨૦૨૨ નું NOC રજૂ કરેલ છે. પરંતુ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું NOC રજૂ કરેલ નથી.

<u>નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીનો અભિપ્રાય</u> :

સેવન્થ ડે એડવેન્ટીસ્ટ હાયર સેકન્ડરી સ્કુલ, મણીનગર, અમદાવાદ દ્વારા શાળાની માન્યતા અને જોડાણ તેમજ વધારાના વર્ગો માટેની પરવાનગી અન્વયે બોમ્બે પ્રાયમરી એજ્યુકેશન રૂલ્સ-૧૯૪૯ના નિયમ ક્રમાંક : ૧૦૬(ક) તથા ગુજરાત આર.ટી.ઈ. રૂલ્સ-૨૦૧૨ ના નિયમ ક્રમાંક : ૧૩નું ઉલ્લંઘન કરેલ હોવાનું જણાય છે. મેનેજમેન્ટ, ટ્રસ્ટ અને શાળાના પરિસરમાં ફેરફાર અન્વયે શાળામંડળ દ્વારા બોમ્બે પ્રાયમરી એજ્યુકેશન રૂલ્સ-૧૯૪૯ના નિયમ ક્રમાંક : ૧૦૬(ક)(૫) નું ઉલ્લંઘન કરેલ હોવાનું જણાય છે. લઘુમતી દરજ્જો અને RTE કાયદાનો ભંગ અન્વયે RTE Act, 2009ની કલમ ૧૨(૧)(ગ)નો સ્પષ્ટ ભંગ થયો હોય તેવું પ્રાથમિક દ્રષ્ટીએ જણાય છે તથા શિક્ષણ વિભાગના તા.૧૧/૦૪/૨૦૦૮ના ઠરાવનું ઉલ્લંઘન કરેલ હોવાનું જણાય છે. તે ઉપરાંત ટ્રસ્ટ/સોસાયટી બાબતે અસ્પષ્ટતા, શાળામાં પુસ્તકોનું વેચાણ અને નફાખોરી, શાળા શિફ્ટમાં ચલાવવા માટે મંજૂરીનો અભાવ અને ભાડાકરારનો ભંગ વગેરે ધ્યાને લેતા અહેવાલની વિગતે શિક્ષણ વિભાગ, FRC, વાલી,

વિદ્યાર્થીઓની વિશ્વસનીયતાનો ભંગ તેમજ FRC અને શાળાની મંજૂરી વખતે રજૂ કરેલ એફીડેવીટ તેમજ આધારો ખોટા રજૂ કરી છેતરપીંડી કરેલ છે. જે અન્વયે બોમ્બે પ્રાયમરી એજ્યુકેશન રૂલ્સ-૧૯૪૯ ના નિયમ ૧૦૪(૨) હેઠળ કોઇપણ ખાનગી શાળાનો વહીવટ(કબ્જો) સરકારશ્રી હસ્તક લેવાની જોગવાઇ સાથે નિયમ ૧૦૨(ક)(ખ)(૨) ની જોગવાઇ મુજબ તેના નિયંત્રણ અધિકારી જિલ્લા શિક્ષણાધિકારી હોઇ તેમના હસ્તક વહીવટ સોંપવા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ ભલામણ કરેલ છે.

(૧) જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ શહેરના વંચાણે લીધા : (૧) પરના તા.૧૮/૧૦/૨૦૨૫ના અહેવાલ તેમજ ભલામણ અને (૨) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની વંચાણે લીધા : (૨) પરની તા.૦૬/૧૧/૨૦૨૫ની ભલામણ અન્વયે સદરહુ શાળાનો વહીવટ રાજ્ય સરકાર હસ્તક લેવા માટે અને જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ શહેરને વહીવટદાર તરીકે નિમવા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને દરખાસ્ત કરેલ, જે અન્વયે બોર્ડ દ્વારા વંચાણે લીધા : (૩) પરની તા.૧૩/૧૧/૨૦૨૫ની નોંધથી સીંગલ ફાઇલ સરકારશ્રીને રજૂ કરેલ જેમાં થયેલ નિર્ણય અન્વયે નીચે મુજબ ઠરાવવામાં છે.

<u>ઠરાવ</u> :-

સેવન્થ ડે એડવેન્ટીસ્ટ હાયર સેકન્ડરી સ્કુલ, મણીનગર, અમદાવાદ શાળામાં હાલમાં ભણતાં ૧૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈ આ શાળામાં કોઈપણ વિદ્યાર્થીને નવું એડમીશન ન આપવાની શરતે શાળા કેમ્પસમાં કાર્યરત નીચે દર્શાવેલ શાળાઓનો વહીવટ રાજ્ય સરકાર હસ્તક લેવાનું આથી ઠરાવવામાં આવે છે અને જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ શહેરને આ શાળાના વહીવટદાર તરીકે નિમવામાં આવે છે.

1. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ માન્ય ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની રજીસ્ટર થયેલી શાળાનો વહીવટ રાજ્ય સરકાર હસ્તક લેવામાં આવે છે.
2. બોમ્બે પ્રાયમરી એજ્યુકેશન રૂલ્સ-૧૯૪૯ ના નિયમ ૧૦૪(૨) હેઠળ સદરહુ ખાનગી પ્રાથમિક શાળાનો વહીવટ રાજ્ય સરકાર હસ્તક લેવામાં આવે છે.
3. ICSE સંલગ્ન પ્રાથમિક શાળા વિભાગ તથા ICSE સંલગ્ન માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનો વહીવટ રાજ્ય સરકાર હસ્તક લેવામાં આવે છે.

ઉપર જણાવેલ શાળાઓનો વહીવટ રાજ્ય સરકાર હસ્તક લેવા માટે આગળની વિગતવાર સૂચનાઓ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી તથા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અલગથી પ્રસિધ્ધ કરવાની રહેશે.

આ હુકમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સિંગલ ફાઈલ પર સરકારશ્રીના મળેલ આદેશ અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

*e-sign*

(રાજદીપસિંહ રાઠોડ)

સેક્શન અધિકારી

શિક્ષણ વિભાગ

ગુજરાત સરકાર

પ્રતિ,

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર.

**નકલ રવાના :-**

- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ) નું કાર્યાલય ,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર

- અંગત સચિવશ્રી, માન. રા.ક.મંત્રીશ્રી (પ્રા.અને મા.શિક્ષણ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, બ્લોક નં. ૧ /૫ મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(પ્રા.અને મા.શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી,વિદ્યા સમિક્ષા કેન્દ્ર, ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ.